
# ઘરમાં આગ સામે સલામતી

FIRE KILLS
LET'S PREVENT IT

ROYAL BERKSHIRE
FIRE AND RESCUE SERVICE

Gujarati




## શું તમે જાણો છો...?

- જો તમારા ઘરમાં કાર્ય કરતું સ્મોક એલાર્મ ન હોય તો તમને આગમાં મૃત્યુ પામવાની લગભગ આઠ ગણી વધારે સંભાવના રહે છે.
- ઘરમાં લાગતી લગભગ અડધી આગો રસોઇના અકસ્માતોને કારણે લાગે છે.
- દૈનિક બે આગ મીણબત્તીઓ મારફતે શરૂ થાય છે.
- સિગારેટને કારણે લાગેલ આગને કારણે દર છ દિવસે કોઇને કોઇ મૃત્યુ પામે છે.
- દિવસમાં ત્રણ આગ લગભગ હીટરો દ્વારા શરૂ થતી હોય છે.
- ખામીયુક્ત ઇલેક્ટ્રિક્સ (ઉપકરણો, વાયરિંગ અને ઓવરલેડેડ સોકેટો) દર વર્ષે દેશભરમાં લગભગ 4,000 ઘરોમાં આગનું કારણ બને છે.

# PROTECT YOUR HOME WITH SMOKE ALARMS



## સ્મોક એલાર્મથી તમારા ઘરનું રક્ષણ કરો

**તમારા ઘર અને પરિવારને આગથી બચાવવાનો સૌથી સહેલો રસ્તો કામ કરતાં સ્મોક એલાર્મ છે.**

**તેમને મેળવો. તેમને બેસાડો. તેમની ચકાસણી કરો. તેઓ તમારો જીવ બચાવી શકે છે.**




## તમારા સ્મોક એલાર્મોને પસંદ કરવા

- તમારા ઘરના દરેક માળ પર ઓછામાં ઓછું એક સ્મોક એલાર્મ બેસાડો.
- કૃપા કરી વાકેફ રહેશો કે અમુક બાળકો સ્મોક એલાર્મોથી કદાચ જાગી ન જાય.
- સ્મોક એલાર્મ સસ્તા અને બેસાડવામાં સરળ હોય છે.
- તે DIY સ્ટોર્સ, ઇલેક્ટ્રિકલ દુકાનો અને મોટા ભાગની હાઈ સ્ટ્રીટ સૂપરમાર્કેટમાં મળી રહેતા હોય છે.
- આમાંના કોઈ એક પ્રતીકોની તપાસ કરો, કે જે બતાવે કે એલાર્મ માન્ય કરેલ અને સુરક્ષિત છે.

British Standard Kitemark

LPCB — LOSS PREVENTION CERTIFICATION BOARD

- દસ વર્ષના સીલ કરેલ બેટરિવાળા સ્મોક એલાર્મો શ્રેષ્ઠ વિકલ્પ હોય છે. તે થોડાક વધારે મોંઘા હોય છે, પણ તમે બેટરિઓ બદલવાના ખર્ચનો બચાવ કરશો.
- પસંદગી કરવા માટે વિવિધ પ્રકારના જુદા નમૂનાઓ કે મોડેલ્સ હોય છે. તમારી સ્થાનિક ફાયર એન્ડ રેસ્ક્યૂ સર્વિસ તમારા માટે જે કોઈ શ્રેષ્ઠ અનુકૂળ હશે તેની તમને સલાહ આપવામાં રાજી હશે.




**મહત્વપૂર્ણ ટીપ**



**સ્મોક એલાર્મોને બેસાડો**

## તમારા સ્મોક એલાર્મ કામ કરે છે તેની ખાતરી કેવી રીતે કરવી

**તમારા સ્મોક એલાર્મને ઓછામાં ઓછા દર મહિને ચકાસો.**

- જો તમારા કોઇ પણ સ્મોક એલાર્મમાં એક વર્ષની બેટરી હોય, તો ખાતરી કરો કે તે દર વર્ષે બદલાય છે. બેટરીને જ્યારે બદલવાની જરૂર હોય ત્યારે જ તેને બહાર કાઢો.
- જો એલાર્મ ભૂલથી ચાલુ થઇ જાય તો ક્યારેય બેટરીને ડિસ્કનેક્ટ (છૂટી) ન કરો અથવા તમારા એલાર્મમાંથી બહાર ન કાઢો.
- સ્ટાન્ડર્ડ બેટરી સંચાલિત એલાર્મ સૌથી સસ્તો વિકલ્પ છે, પરંતુ બેટરીને દર વર્ષે બદલવાની જરૂર છે.
- ઘણા લોકો બેટરીનું પરીક્ષણ કરવાનું ભૂલી જાય છે, તેથી લાંબો કાર્યકાળ ધરાવતી બેટરી વધુ સારી છે.

**મહત્વપૂર્ણ ટીપ**



**તેને ચકાસો**

- મેઈન્સ પાવરવાળા એલાર્મોને તમારા ઘરના વિજળીના પુરવઠા દ્વારા ઊર્જા મળે છે, અને વિજળી કાપના કિસ્સામાં બેક-અપ બેટરી હોય છે. તેને કોઈ એક લાયકાતવાળા ઈલેકટ્રિશન દ્વારા બેસાડવાની જરૂર રહે છે અને, બેટરિવાળા એલાર્મોની જેમ, તેઓની કસોટી કરવાની આવશ્યકતા રહે છે.
- સ્મોક એલાર્મ પરીક્ષણ સ્મોક સેન્સર તેમજ પાવર સપ્લાય અને/અથવા બેટરીનું પરીક્ષણ કરે છે.
- તમે લિંક કરેલા એલાર્મ પણ બેસાડી શકો છો, જેથી જ્યારે એક એલાર્મ આગને શોધી કાઢે ત્યારે તે બધા એક સાથે ચાલુ થઇ જાય. જો તમે કોઇ મોટા મકાનમાં અથવા ઘણા માળના મકાનમાં રહેતા હો તો આ ઉપયોગી છે.


જેઓ બહેરા હોય કે સાંભળવામાં તકલીફનો અનુભવ કરતા હોય તેમના માટે સ્ટ્રોબ લાઇટ અને બાઇબ્રેટિંગ-પેડ એલાર્મ ઉપલબ્ધ છે. એક્શન ઓન હિયરિંગ લોસ ઇન્ફર્મેશન લાઇનનો **0808 808 0123** અથવા ટેક્સ્ટફોન **0808 808 9000** પર સંપર્ક કરો.




## તમારા સ્મોક એલાર્મને બેસાડવું

**આદર્શ સ્થિતિ છત પર, ઓરડાની મધ્યમાં, અને પરસાળમાં તથા ઉતરાણમાં છે, જેથી તમે તમારા આખા ઘરમાં એલાર્મ સાંભળી શકો.**

- રસોડા અથવા બાથરુમની અંદર અથવા તેની નજીક એલાર્મ મૂકશો નહીં જ્યાં ધુમાડો અથવા વરાળ તેમને આકસ્મિક રીતે ચાલુ કરી શકે છે.
- જો તમારા માટે સ્મોક એલાર્મ બેસાડવું મુશ્કેલ હોય તો મદદ માટે તમારી સ્થાનિક ફાયર એન્ડ રેસ્ક્યુ સર્વિસનો સંપર્ક કરો. તેઓ તમારા માટે તેને બેસાડવામાં રાજી થશે.








## તમારા સ્મોક એલાર્મની સંભાળ રાખવી


- તમારા સ્મોક એલાર્મનું પરીક્ષણ તમારા નિયમિત ઘરેલુ નિત્યક્રમનો એક ભાગ બનાવો.
- જ્યાં સુધી એલાર્મ ન વાગે ત્યાં સુધી બટન દબાવીને તેનું પરીક્ષણ કરો. જો તે અવાજ ન કરે, તો તમારે બેટરી બદલવાની જરૂર છે.
- દર છ મહિને તમારા સ્મોક એલાર્મોની ધૂળ કાઢવા વેક્યુમ કરો
- જો સ્મોક એલાર્મ નિયમિત રીતે બીપ કરવાનું શરૂ કરે, તો તમારે બેટરીને તાત્કાલિક બદલવાની જરૂર છે.
- જો તે દસ વર્ષનું એલાર્મ છે, તો તમારે દર દસ વર્ષે આખા એલાર્મને બદલવાની જરૂર પડશે.

### તમે ધ્યાનમાં લઇ શકો તેવા અન્ય સાધનો

- આગ ઓલવવા અથવા તો જે વ્યક્તિના કપડામાં આગ લાગી હોય તેને લપેટવા માટે ફાયર બ્લેન્કેટનો ઉપયોગ કરવામાં આવે છે. તેમને રસોડામાં રાખવા સૌથી શ્રેષ્ઠ છે.
- જો આગ ખૂબજ નાની હોય અથવા તમારા બહાર જવાના માર્ગમાં અવરોધ થતો હોય તો ફાયર એકસટિંગ્વિશર કે આગશામક ઉપયોગી બની શકે. જો તમે આગશામકનો ઉપયોગ કરવાનું પસંદ કરો તો, હંમેશા ઉપયોગ કરતાં પહેલાં સૂચનાઓને વાંચો અને તમારી જાતને જોખમમાં મૂકશો નહિ.
- હીટ એલાર્મ રસોડામાં લાગેલી આગને શોધી શકે છે જ્યાં સ્મોક એલાર્મસ મૂકવા જોઇએ નહીં.



તેને ચકાસો


તેને બદલો


તેને પાછુ મૂકો



# HOW TO PREVENT COMMON FIRES



રસોડામાં
ઇલેક્ટ્રિક
સિગરેટ
મીણબત્તી

## સામાન્ય આગને કેવી રીતે ટાળવી

આ વિભાગ તમને જણાવશે કે તમે તમારા ઘરમાં લાગેલી આગથી કેવી રીતે બચી શકો છો. જેમાં સુરક્ષિત રીતે કેવી રીતે રાંધવું અને ઇલેક્ટ્રિક, હીટર, મીણબત્તીઓ અને સિગારેટથી કેવી રીતે કાળજી લેવી તે સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

## સુરક્ષિત રીતે રાંધો

**જો તમારે રસોઇ બનાવતી વખતે રસોડામાંથી બહારન નીકળવાની જરૂર હોય તો વધારાની કાળજી લો, તપેલીને તાપ પરથી ઉતારી લો અથવા જોખમ ટાળવા માટે તેને બંધ કરી દો.**

- આલ્કોહોલના પ્રભાવ હેઠળ હોવ ત્યારે રસોઇ કરવાનું ટાળો.
- હોબ પર રસોઇ બનાવતી વખતે બાળકોને રસોડામાં એકલા છોડવાનું ટાળો. તેઓને સલામત રાખવા માટે દીવાસળી અને તપેલીના હાથાને તેમની પહોંચથી બહાર રાખો.
- એ સુનિશ્ચિત કરો કે તપેલીના હાથા બહાર ન નીકળી જાય – જેથી તે સ્ટવ પરથી નીચે પટકાય નહીં.
- જો તમે ઢીલાં વસ્ત્રો પહેર્યા હોય તો ધ્યાન રાખો – તેમાં સહેલાઇથી આગ લાગી શકે છે.
- ટી ટોવેલ અને કપડાંને કૂકર અને હબથી દૂર રાખો.
- ગેસ કૂકરને ચાલુ કરવા માટે ચિનગારીથી ચાલુ થતા સાધનો દીવાસળી અથવા લાઇટર કરતાં વધુ સુરક્ષિત છે, કારણ કે તેમા ખુલ્લી જ્યોત હોતી નથી.
- જ્યારે તમે રાંધવાનું સમાપ્ત કરી લો ત્યારે કૂકર બંધ છે તે બે વાર ચકાસો.

## ઇલેક્ટ્રિક સાથે કાળજી લો

- ઇલેક્ટ્રિક (લીડસ અને ઉપકરણો) ને પાણીથી દૂર રાખો.
- માઇક્રોવેવમાં કોઇ પણ ધાતુ ન મૂકશો.

**મહત્વપૂર્ણ ટીપ**



- ટોસ્ટર્સ સ્વચ્છ અને પડદાઓ અને કીચન રોલ્સથી દૂર રાખવામાં આવતા હોય છે તેની તપાસ કરો. મોટા ભાગના ટોસ્ટર્સમાં ખોરાકના ટુકડાઓને બહાર સરકવા માટે કેચર હોય છે કે જે તમને તેને સ્વચ્છ રાખવામાં મદદ કરે છે.
- ઓવન, હોબ અને ગ્રિલને સાફ અને સારી રીતે કામ કરતી સ્થિતિમાં રાખો. ચરબી અને ગ્રીસ ભેગુ થયેલ હોય તો તે આગને પ્રજ્વલિત કરી શકે છે.

## ચરબીમાં ઉંડા તળવું


- ગરમ તેલથી રાંધતી વખતે ધ્યાન રાખો – તે સરળતાથી સળગી જાય છે.
- ખાતરી કરો કે ખોરાક ગરમ તેલમાં મૂકતાં પહેલાં સૂકો છે જેથી છાંટા ન ઉડે.
- જો તેમાં ધુમાડો નીકળવા માંડે – તો તે ખૂબજ ગરમ છે. તાપ બંધ કરો અને તેને ઠંડુ થવા દો.
- થર્મોસ્ટેટ નિયંત્રિત ઇલેક્ટ્રિક ડીપ ફેટ ફ્રાયરનો ઉપયોગ કરો. તેઓ વધુ પડતું ગરમ થતાં નથી.

## કોઇ તપેલીમાં આલ લાગી જાય તો શું કરવું

- કોઇ જોખમ ન લો. જો આમ કરવું સલામત હોય તો તાપ બંધ કરી દો. તેના પર ક્યારેય પાણી ન ફેંકો.
- આગનો જાતે સામનો ન કરો.

**બહાર નીકળો**
**બહાર રહો**
**અને**
**999**
**પર કોલ કરો**






## વિદ્યુતથી લાગતી આગ કેવી રીતે ટાળવી

- હંમેશા તપાસો કે તમે વધુ પડતું ગરમ થતું અટકાવવા માટે યોગ્ય ફ્યુઝનો ઉપયોગ કરો છો કે નહીં.
- ખાતરી કરો કે જ્યારે તમે તેને ખરીદો છો ત્યારે વિદ્યુત ઉપકરણમાં બ્રિટિશ અથવા યુરોપિયન સલામતી ચિન્હ છે.
- વોશિંગ મશીન જેવા કેટલાક ઉપકરણોમાં તેને માટે ફક્ત એક જ પ્લગ હોવો જોઇએ, કારણકે તે ઉચ્ચ વીજશક્તિ માંગી લે તેવા હોય છે.
- સોકેટ દીઠ એક પ્લગ રાખવાનો પ્રયત્ન કરો.
- વિદ્યુતની ચીજવસ્તુઓનું ચાર્જીંગ કરતી વેળાએ ઉત્પાદકની સૂચનાઓનું પાલન કરો અને CE માર્કની શોધ કરો જે સૂચવે છે કે ચાર્જીસ યુરોપીયન સલામતી માપદંડોનુમં પાલન કરે છે.

**વિદ્યુત ઉપકરણો આગને ઉત્તેજિત ન કરે તે માટે તેમને સ્વચ્છ અને સારી રીતે કામ કરતી સ્થિતિમાં રાખો.**


**મહત્વપૂર્ણ ટીપ**




**એક્સ્ટેંશન લીડ અથવા એડેપ્ટરની મર્યાદા હશે કે તે કેટલા એમ્પ્સ લઇ શકે છે. તેથી આગનું જોખમ ઘટાડવા માટે તેને ઓવરલોડ ન કરો તેની કાળજી લો. ઉપકરણો વિવિધ માત્રામાં વીજશક્તિનો ઉપયોગ કરે છે – ઉદાહરણ તરીકે, ટેલિવિઝન 3 AMP પ્લગ અને વેક્યુમ ક્લીનર 5 AMP પ્લગનો ઉપયોગ કરી શકે છે.**

**હદ જાણો!**

**5 AMP + 5 AMP + 3 AMP = 13 AMP**







- જોખમી અથવા ઢીલા વાયરિંગના ચિન્હો જેવાકે બળી ગયેલ સપાટી, ગરમ પ્લગ અને સોકેટો, ફુંકાઇ જતા હોય તેવા ફ્યુઝ અથવા સર્કિટ-બ્રેકર્સ કે જે કોઇ દેખીતા કારણોસર ટ્રિપ કરે છે અથવા ફ્લિકરિંગ લાઇટ જેવા ચિન્હો માટે નજર રાખો.
- કોઇ પણ જૂના કેબલ અને લીડસને ચકાસો અને બદલી નાંખો, ખાસ કરીને જો તે ફર્નિચરની પાછળ અથવા ગાલીચા અને સાદડીઓની નીચે દ્રશ્યથી છુપાયેલા હોય.
- ઉપકરણને પ્લગમાંથી કાઢી નાંખવાથી આગનું જોખમ ઘટાડવામાં મદદ કરે છે.
- તમારા સાધનો કે ઉપકરણોને પૂરેપૂરા ચાર્જ કરો અથવા જયારે તમે પથારીમાં જાઓ અને જયારે તમે તેનો ઉપયોગ કરતા ન હોય ત્યારે તેને પ્લગમાંથી કાઢી નાખો.

## ફર્નિચર


- હંમેશા ખાતરી કરો કે તમારા ફર્નિચરમાં અગ્નિ-પ્રતિરોધક કાયમી લેબલ છે.

## પોર્ટેબલ હીટરો

- હીટરોને દિવાલની સાથે સુરક્ષિત કરવાનો પ્રયાસ કરો કે જેથી તેને પડતા અટકાવી શકાય.
- તેમને પડદા અને ફર્નિચરથી દૂર રાખો અને કપડાં સૂકવવા માટે તેનો ઉપયોગ ક્યારેય ન કરો.

## ઇલેક્ટ્રિક ધાબળાનો ઉપયોગ કરવો

- આંતરિક વાયરિંગને નુકસાન ન પહોંચે તે માટે ઇલેક્ટ્રિક ધાબળા સપાટ, રોલ કરીને અથવા ઢીલી રીતે વાળીને સંગ્રહ કરો.
- તમે પથારીમાં જાવ તે પહેલાં ધાબળાને પ્લગમાંથી કાઢી નાંખો, સિવાય કે તેમાં આખી રાત સલામત ઉપયોગ માટે થર્મોસ્ટેટ નિયંત્રણ હોય.
- સેકન્ડ હેન્ડ ધાબળા ન ખરીદવાનો પ્રયત્ન કરો અને ઘસારા માટે નિયમિતપણે તપાસો.
- હંમેશા ઉત્પાદકની સૂચનાઓનું પાલન કરો.



## સિગારેટ

**સિગારેટને યોગ્ય રીતે ઓલવો અને કાળજીપૂર્વક તેનો નિકાલ કરો. તેને ઓલવો, એકદમ ઓલવો!**

- પથારીમાં ક્યારેય ધૂમ્રપાન ન કરો.
- ખૂલ્લી જગ્યામાં ધૂમ્રપાન કરો અને સિગારેટને તદ્દન હોલવી નોખો – અંદર ધૂમ્રપાન કરતા આ વધારે સલામત હોય છે.
- યોગ્ય રાખદાની કે એશટ્રેનો ઉપયોગ કરો – કદીપણ વેસ્ટપેપર બાસ્કેટનો નહિ.
- ખાતરી કરો કે તમારી એશટ્રે ઊંધી વળી જતી ન હોય અને એવા પદાર્થની બનેલ હોય છે કે જે સળગી ન ઉઠે.
- સળગેલ સિગારેટ, સિગાર અથવા પાઇપને આજુબાજુમાં રાખશો નહિ. તે સહેલાઈથી પડી જાય અને આગ શરૂ થઇ શકે.
- જોખમ- ભય ઓછો કરવાનો શ્રેષ્ઠ માર્ગ એ છોડી દેવાનો પ્રયત્ન કરવાનો છો, કે જેમાં જો તમને જરૂર પડે તો NHS સપોર્ટનો ઉપયોગ કરો. જો તમને છોડી દેવાની ઈચ્છા ન હોય તો, વેપિંગ એટલેકે e- સિગરેટ અથવા બીજા કોઈ સાધનનો ઉપયોગ કરી કે જેમાં નિકટીન શ્વાસમાં લઈ શકાય તેનો વિચાર કરો.
- જયારે તમે થાકી ગયેલ હો ત્યારે જો તમે ધૂમ્રપાન કરતા હોય, લખી આપવામાં આવેલ દવાઓ લેતા હોય, અથવા તમે પીતા હોય ત્યારે વધારે સંભાળ રાખો. તમને કદાચ ઊંઘ આવી જાય અને તમારી પથારી કે સોફાને આગ લાગે.
- જયારે પૂરેપૂરી ચાર્જ થયેલ હોય ત્યારે e- સિગરેટને પ્લગમાંથી કાઢી નાખો અને ખાતરી કરો કે તમે સાચા ચાર્જરનો ઉપયોગ કરો છો.

**મહત્વપૂર્ણ ટીપ**



**તેને ઓલવી નાંખો. એકદમ ઓલવી નાંખો!**



## મીણબત્તીઓ

**એ સુનિશ્ચિત કરો કે મીણબત્તીઓ યોગ્ય હોલ્ડરમાં સુરક્ષિત છે અને આગ લાગી શકે તેવી સામગ્રીથી દૂર છે – જેમ કે પડદાં.**


- જ્યારે તમે ઓરડામાંથી બહાર નીકળો ત્યારે મીણબત્તીઓ ઓલવો અને ખાતરી કરો કે તે રાત્રે સંપૂર્ણપણે ઓલવી નાખેલ છે.
- સળગતી મીણબત્તીઓ સાથે બાળકોને એકલા ન રહેવા દેવા જોઇએ.
- LED અથવા બેટરિથી- ચાલતી મીણબત્તીનો ઉપયોગ કરવાનું વિચારો.
- પાલતુ પ્રાણીઓને સળગતી મીણબત્તીથી દૂર રાખો.
- દીવાસળીઓ અને લાઈટર્સને બાળકો પહોંચી ન શકે તેવી જગ્યાએ રાખશો.
- ફક્ત બાળક પ્રતિરોધક લાઈટર્સ અને દીવાસળીના બોકસ ખરીદશો.

**માચીસ ઉપર હવે આ લેબલ લગાડેલ હોય છે.**




**ખતરો!**
**આગ બાળકોને મારી નાખે છે**

**મહત્વપૂર્ણ ટીપ**



**મીણબત્તીઓ સાથે સાવચેતી દાખવો**



# સલામત રીતે છટકી જવાનું આયોજન કરો


સ્મોક એલાર્મ ફિટ કરવું એ આગથી પોતાને બચાવવા માટેનું પહેલું નિર્ણાયક પગલું છે. પરંતુ જો કોઇ રાત દરમિયાન તે ચાલુ થઇ જાય તો તમે શું કરશો?

આ વિભાગ તમને કટોકટીમાં કોઈ યોજના કરવા માટે મદદરૂપ બનશે.




- છટકી જવાના માર્ગની યોજના બનાવો અને ખાતરી કરો કે દરેક જણ કેવી રીતે છટકી જવું તે જાણે છે.
- એ સુનિશ્ચિત કરો કે બહાર નીકળવાના માર્ગો અવરોધ રહિત રાખવામાં આવ્યા છે.
- શ્રેષ્ઠ માર્ગ એ તમારા ઘરની અંદર અને બહાર જવાનો સામાન્ય રસ્તો છે.
- જો પહેલો રસ્તો અવરોધિત હોય તો બીજા માર્ગ વિશે વિચારો.
- તમારી છટકી જવાની યોજનાનો અભ્યાસ કરવા માટે થોડી મિનિટો લો.
- જો તમારા ઘરની રચના બદલાય તો તમારી યોજના ઉપર ફરીથી નજર કરો.

**દરવાજા અને બારીની ચાવીઓ એવી જગ્યાએ રાખો જ્યાં દરેક જણ તેમને શોધી શકે.**



**મહત્વપૂર્ણ ટીપ**



છટકી જવાના માર્ગની યોજના બનાવો

## આગ લાગે તો શું કરવું

**તમારી જાતે આગનો સામનો ન કરો. તેને વ્યવસાયિક લોકો પર છોડી દો.**

- શાંત રહો અને ઝડપથી કાર્ય કરો. શક્ય તેટલી વહેલી તકે બધાને બહાર કાઢો.
- શું થયું છે તેની તપાસ કરવામાં અથવા કિંમતી ચીજોને બચાવવામાં સમય બગાડશો નહીં.
- જો ધુમાડો હોય, તો નીચા રહો જ્યાં હવા સાફ હોય.
- તમે દરવાજો ખોલતા પહેલા તપાસો કે તે ગરમ છે કે નહીં. જો હોય તો તેને ખોલશો નહીં – તેની બીજી તરફ આગ છે.
- તમે મકાનમાંથી બહાર નીકળી જાવ કે તરત જ 999 કોલ કરો. 999 કોલ ફ્રી છે.

**મહત્વપૂર્ણ ટીપ**




**બહાર નીકળો, બહાર રહો અને 999 પર કોલ કરો**



## જો તમારો છટકવાનો માર્ગ અવરોધિત હોય તો શું કરવું

**જો તમે બહાર નીકળી શકતા ન હો, તો દરેકને એક ઓરડામાં લઇ જાઓ, આદર્શ રીતે એક બારી અને ફોન હોય તેવા ઓરડામાં.**

- ધુમાડો અંદર ન આવે તે માટે દરવાજાના તળિયે બેડિંગ મુકો.
- 999 પર કોલ કરો અને પછી બારી ખોલો અને “હેલ્પ ફાયર” ની બૂમો પાડો.
- જો તમે ભોંયતળીયે કે પહેલા માળે હો, તો તમે બારીમાંથી છટકી શકો છો.
- તમે પડો ત્યારે ગાદી માટે બેડિંગનો ઉપયોગ કરો અને તમારી જાતને કાળજીપૂર્વક નીચે ઉતારો. કૂદશો નહીં.
- જો તમે બારી ખોલી શકતા નથી તો કાચને નીચેના ખુણેથી તોડો. ટુવાલ અથવા ધાબળા વડે વાંકીચુકી ધારોને સુરક્ષિત બનાવો.



## જો તમારા કપડામાં આગ લાગી જાય તો શું કરવું

- આસપાસ દોડશો નહીં, તમે જ્વાળાઓને વધુ ખરાબ બનાવશો.
- આડા પડો અને આતમેમ ગબડો, તેનાથી આગ ફેલાવાનું મુશ્કેલ બને છે.
- કોટ અથવા ધાબળા જેવા ભારે પદાર્થથી જ્વાળાઓને દબાવી દો.
- યાદ રાખો, થોભો, પડો અને ગડબો!




થોભો! પડો! ગબડો!



## ઉંચા માળના માકાનોમાંથી કેવી રીતે બચવું

- ખાતરી કરો કે તમે, અને તમારા ઘરના દરેકેદરેક, તમારા મકાન માટે આગની યોજનાની માહિતી અને ફાયર એલાર્મ્સ અને આગમાં બહાર નીકળવાના માર્ગ કયાં છે તે જાણતા હોય. બધાજ મકાનોની જેમ, તમારે યોજના કરી અને બહાર નીકળવાના માર્ગનો મહાવરો કરવો જોઈએ.
- જો આગ લાગે તો લિફ્ટ અને બાલ્કનીનો ઉપયોગ કરવાનું ટાળો.
- ધુમાડામાં મૂંઝાઇ જવું સહેલું છે. તેથી સીડી સુધી પહોંચવા માટે તમારે કટલા દરવાજામાંથી પસાર થવું પડશે તેની ગણતરી કરો.
- ખાતરી કરો કે તમારો બહાર નીકળવાનો માર્ગ ખુલ્લો હોય અને પરસાળો અથવા દાદરાઓમાં આગ લાગી શકે તેવું કંઇ નથી – જેવાકે ખોખાં અથવા કચરા
- ખાતરી કરો કે સીડીના દરવાજા લોક નથી.
- બ્લોકમાં વોર્નિંગ સિસ્ટમ (ચેતવણી સિસ્ટમ) હોય તો પણ તમારે તમારા પોતાના ઘર માટે સ્મોક એલાર્મ લેવા જોઇએ.





# સૂવાના સમયે ચકાસણી કરો





જ્યારે તમે સૂતા હો ત્યારે આગથી તમને વધુ જોખમ હોય છે. તેથી સૂતા પહેલાં તમારા ઘરની તપાસ કરવી તે એક સારો વિચાર છે.



## ચકાસવા માટેની યાદી

- [ ] આગને ફેલાતી અટકાવવા માટે રાત્રે અંદરના દરવાજા બંધ કરો.
- [ ] વિદ્યુત ઉપકરણોને બંધ કરો અને પ્લગમાંથી બહાર કાઢો સિવાય કે તેને ચાલુ રાખવા માટે ડિઝાઇન કરવામાં આવ્યા હોય – જેમ કે તમારા ફ્રીઝર.
- [ ] તમારું કૂકર બંધ છે તે ચકાસો.
- [ ] વોશીંગ મશીનો, ટમ્બલ ડ્રાયરો અને ડીશવોશરો જેવા સાધનો રાતના સમયે ચલાવશો નહિ.
- [ ] હીટર બંધ કરો અને ફાયરગાર્ડ મૂકો.
- [ ] મીણબત્તીઓ અને સિગારેટને યોગ્ય રીતે ઓલવો.
- [ ] એ સુનિશ્ચિત કરો કે બહાર નીકળવાના માર્ગો અવરોધ રહીત છે.
- [ ] દરવાજા અને બારીની ચાવીઓ એવી જગ્યાએ રાખો જ્યાં દરેક જણ તેને શોધી શકે.





# સ્મોક એલાર્મ જીવન બચાવે છે

આગ લાગે તે ઘટનામાં, બહાર જાઓ, બહાર રહો,
અને 999 ને ફોન કરો.

તમારી અને તમારા ઘર વિશેની વિશિષ્ટ સલાહ માટે મુલાકાત લો **www.ohfsc.co.uk** અને તમારા પોતાના ઘરની આગની સલામતીની તપાસ પૂરી કરો.




ISBN 978-1409845973

FS069_GU ©Crown Copyright 2022.
હોમ ઓફિસ દ્વારા પ્રકાશન. જૂન 2022.
વૃતાંત 4